Enrollment No: ______________________ Exam Seat No:______________________

# C.U.SHAH UNIVERSITY

## Winter Examination-2018

**Subject Name : Sarjan Lekhan Kaushlya**

**Subject Code : 4AH01SLK3** **Branch : B.A. (Gujarati, History)**

**Semester : 1 Date : 03/12/2018** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવો.(તમામ) (૧૪)**

(૧) અરજીલેખનની ભાષા કેવી હોવી જોઈએ ?

(અ) ધારદાર અને તેજસ્વી (બ) સંદિગ્ધ (ક) વિનમ્ર અને વિવેકી (ડ) એકપણ નહિ

(૨) નીચે આપેલા ઉદાહરણમાંથી ત્રીજી વિભકિત કઈ છે ?

(અ) નથી, ને (બ) થી, થકી, વડે (ક) નો, ની, નું, ના (ડ) એ, માટે, પ્રત્યે

(૩) પત્ર લખનારની સહી કયાં કરવામાં આવે છે ?

(અ) ડાબી બાજુ (બ) જમણી બાજુ (ક) મધ્ય ભાગમાં (ડ)ઉપરની બાજુ

(૪) ગુજરાતી ભાષામાં પ્રથમ નિબંધની રચના કરનાર કોણ છે ?

(અ) દલપતરામ (બ) નર્મદ (ક) ઉમાશંકર (ડ) એકપણ નહિ

(૫) કયા પ્રકારના પત્રોમાં કુશળ સમાચાર જેવી બાબતો ન લખાય ?

(અ) ધંધાદારી (બ) શુભેચ્છાદર્શક (ક) કૌટુમ્બિક (ડ) આમંત્રણદર્શક

(૬) અરજી સાથે જોડવાની થતી માહિતી કયા શીર્ષક નીચે મૂકવામાં આવે છે ?

(અ) બીડાણ (બ) જોડાણ (ક) વંચાણ (ડ) આપેલ તમામ

(૭) પિતા પાસે પ્રવાસની મંજૂરી માંગતા પત્રમાં કઈ વિગતો જરૂરી છે ?

(અ) ખુશી સમાચાર (બ) પ્રવાસનું સ્થળ- સમય (ક) મિત્રની માહિતી (ડ) એકપણ નહિ

(૮) માતાપિતા - રેખાંકિત સમાસ ઓળખાવો.

(અ) કર્મધારાય (બ) દ્વન્દ્વ (ક) મધ્યમપદલોપી (ડ) એકપણ નહિ

(૯) અરજીલેખનના અંતે શું લખી શકાય ?

(અ) આપનો પ્રિય (બ) આપનો મિત્ર (ક) આપનો વિશ્વાસુ (ડ) આપનો શુભેચ્છક

(૧૦) પત્રના મધ્યભાગમાં શું લખી શકાય ?

(અ) પત્ર લખવાનું પ્રયોજન (બ) રાજીખુશીના સમાચાર (ક) પ્રણામ (ડ) એકપણ નહિ

(૧૧) અતિ + અંત શબ્દની સંધિ જોડો. ?

(અ) અત્યંત (બ) અતિઅંત (ક) અતીત (ડ) અતયંત

(૧૨) દહીંવડા - રેખાંકિત સમાસ ઓળખાવો.

(અ) કર્મધારાય (બ) દ્વન્દ્વ (ક) મધ્યમપદલોપી (ડ) એકપણ નહિ

(૧૩) નીચેનામાંથી સંધિના પ્રકારો કેટલા છે ?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

(૧૪) 'જો પરીક્ષા ન હોય તો' શીર્ષક ધરાવતો નિબંધ કયા પ્રકારનો ગણી શકાય ?

(અ) વિચારપ્રધાન (બ) કથનાત્મક (ક) ચિંતનાત્મક (ડ) કલ્પનાપ્રધાન

**પ્રશ્ન - ૨ થી ૮ માંથી કોઈપણ ચાર પ્રશ્નોનાં જવાબો લખવાં**

**પ્રશ્ન- ૨** ઔપચારિક પત્ર એટલે શું ? ઔપચારિક પત્રની રૂપરેખા તૈયાર કરી કોઈપણ એક ઔપચારિક પત્રનો નમૂનો તૈયાર કરો . (૧૪)

**પ્રશ્ન- ૩** નિબંધ એટલે શું ? નિબંધનું સ્વરૂપ લખી નિબંધ લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સવિસ્તાર જણાવો . (૧૪)

**પ્રશ્ન- ૪** અનૌપચારિક પત્ર એટલે શું ? અનૌપચારિક પત્રની રૂપરેખા તૈયાર કરી કોઈપણ એક અનૌપચારિક પત્રનો નમૂનો તૈયાર કરો. (૧૪)

**પ્રશ્ન- ૫** નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.

(૧) આદર્શ શિક્ષક (૨) પ્રકૃતિના રમ્ય -રૌદ્ર સ્વરૂપો (૩) મોબાઈલના લાભાલાભ (૧૪)

**પ્રશ્ન- ૬** સ્વર સંધિ એટલે શું ? સ્વરસંધિના પ્રકારો તથા નિયમો જણાવી ઓદાહરણ સાથે સમજાવો. (૧૪)

**પ્રશ્ન- ૭** હાઈસ્કૂલનાં શિક્ષક તરીકેની ઉમેદવારી નોંધાવવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીને અરજી કરો. (૧૪)

**પ્રશ્ન-૮** સમાસની વ્યાખ્યા જણાવી તેના કોઈપણ પાંચ પ્રકારો ઉદાહરણસહ સમજાવો. (૧૪)